**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

**વેબસાઈટ : www.rbi.org.in**

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

09 જૂન, 2017

## સૉવરીન સુવર્ણ બોન્ડ્સ-ડિમટીરીયલાઈઝેશન

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એ ભારત સરકાર સાથે પરામર્શ કરીને આજ ની તારીખ સુધી માં આઠ તબક્કા માં કુલ ₹ 5400 કરોડ ના સુવર્ણ બોન્ડ્સ જારી કરેલા છે. રોકાણકારો ને તેને (બોન્ડ્સ) ફિઝિકલ અથવા ડિમેટ સ્વરૂપે ધારણ કરવાનો વિકલ્પ પૂરો  પાડવામાં આવ્યો છે.

ડિમેટ કરવાની વિનંતિઓ ની કાર્યવાહી (પ્રોસેસિંગ) મોટાભાગે સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી છે. તેમ છતાં સેટ ઓફ રેકોર્ડ્સ નું પ્રોસેસિંગ અન્ય કારણો ઉપરાંત વિવિધ કારણોસર,  નામ અને PAN માં અમેળ (મિસમેચ), નિષ્ક્રિય અથવા બંધ કરાયેલા ડિમેટ ખાતા જેવા કારણોસર કરી શકાયુ નથી. આવી અસફળ (પ્રોસેસ ના થઈ શકેલ) ડિમેટ વિનંતિ ઓ ની સૂચી હવે https:/sovereigngoldbonds.rbi.org.in પર મૂકવામાં આવી છે. ત્યાં તબક્કાવાર માહિતી આપવામાં આવેલ છે જેમાં ભરણું સ્વીકારનાર કચેરી નું નામ, રોકાણકાર ના IDs અને બોન્ડ ડિમેટ ન થવાના કારણો સામેલ છે. રોકાણકારો તેમના IDs સૂચી માં છે કે કેમ તે નક્કી કરવા માટે  આ ડેટા એક્સેસ કરી શકે છે. ભરણું સ્વીકારનાર તમામ કચેરીઓ એ પણ આ માહિતી તેમના ગ્રાહકો માટે અને તેમના ગ્રાહકો સાથે પરામર્શ કરીને યોગ્ય સુધારા કરવા માટે, એક્સેસ કરવાનું જરૂરી છે. આ હેતુ માટે રિઝર્વ બેન્ક ની e-કુબેર એપ્લીકેશન પર સુધારણા (મોડીફીકેશન) વિન્ડો ખુલ્લી છે.

અમે ઉમેરીએ કે પેન્ડિંગ સ્ટેટસ હોવા છતાં સોવરીન સુવર્ણ બોન્ડ્સ RBI ના ચોપડે ધારણ કરવાનું ચાલુ રહેશે અને તેને નિયમિત પણે સર્વિસ કરવામાં આવશે.

અજિત પ્રસાદ

સહાયક સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016-2017/**3326**